ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર




વર્ષ : ૪ | અંક : ૬ | જાન્યુઆરી - ૨૦૧૬

## ૩૬ વર્ષથી કાર્યરત ત્રિમૂર્તિ હોસ્પિટલ પરીવારમાં દર્દીદેવોના દર્દોની સારવાર કરવાના મહાયજ્ઞમાં સામેલ થનાર ફુલ ટાઇમ "ન્યુરો સર્જન" ને આવકાર અને શુભેચ્છા...



**ડૉ. સુમનકુમાર નાથાણી**
ન્યુરો સર્જન
મગજ અને કરોડરજ્જુના રોગોના નિષ્ણાંત
કન્સલ્ટીંગ ન્યુરો સર્જન
ત્રિમૂર્તિ હોસ્પિટલ, જુનાગ

આપણા વિસ્તારમાં ન્યુરોસર્જન તરીકે સેવા આપવા અને જરૂરિયાતમંદ લોકોની સેવા શુશ્રૃષા કરવા માટે ત્રિમૂર્તિ હોસ્પિટલે મને જે અવસર આપ્યો છે, તેના માટે મને ગર્વ થાય છે. અત્યાર સુધી મે મદ્રાસની પ્રતિષ્ઠીત એપોલો હોસ્પિટલમાં સેવા આપી હતી. પરંતુ હવે મને આપણા દેશના છેવાડાના લોકોની સેવાનો અવસર મળ્યો છે. આશા રાખું કે હું આપણા વિસ્તારના લોકોની ન્યુરોસર્જરીની સેવામાં ખરો ઉતરીશ.

ત્રિમૂર્તિ હોસ્પિટલ-જુનાગઢમાં સૌ પ્રથમ 'ન્યુરો સર્જરી વિભાગ' ચાલુ કરવામાં આવેલ. આજે અમોને એ વાતનું ગૌરવ છે કે અમોને અનેક માનવ જીંદગી બચાવવાની તક મળી અને તેમા અમો ખરા ઉતર્યા છીએ. અમારા ન્યુરોસર્જરી વિભાગમાં ડૉ. સુમન નાથાણીનું આગમન થઇ રહ્યુ છે કે જેવોએ D.N.B. Neurosurgery કરેલ છે. જેમણે આંધ્ર પ્રદેશની પ્રખ્યાત સિધ્ધાર્થ મેડીકલ કોલેજ - વિજયવાડા માંથી એમ.બી.બી.એસ. કર્યા બાદ મહારાષ્ટ્રની એપોલો હોસ્પિટલમાં ૬ વર્ષની D.N.B.ની ડાયરેક્ટ ડીગ્રી મેળવી. અને પછી ઉચ્ચ અભ્યાસ અર્થે તેમણે મગજ તથા કરોડરજ્જુના વિવિધ રોગો તથા તેમાં અકસ્માતે થતી ઈજાઓ અને ચેતાતંત્રના રોગોમાં સંશોધનાત્મક કામ કર્યુ.

- **એપોલો હોસ્પિટલ - મદ્રાસ(ઈન્ડીયા)માં ૨૦૧૦ થી ૨૦૧૫**
  - ન્યુરો સર્જરીના જુદાં જુદાં તજજ્ઞો દ્વારા મગજના અને કરોડરજ્જુના ગંભીર ઓપરેશનોનો બહોળો અનુભવ.
  - માઇક્રોસ્કોપ દ્વારા કરોડરજ્જુ અને મગજના રોગોની સારવાર, જેવી કે સ્ટીરીયો ટેક્ષી જેવી જટીલ સર્જરી
  - મગજ અને ખોપરીની ઈજાઓની સારવાર.
  - CSF Shunt Procedures
  - તામિલનાડુની સરકારી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં મગજ અને કરોડજ્જુની એડવાન્સ્ડ સર્જરીની ટ્રેનીંગ અને સ્વતંત્ર રીતે સર્જરી કરવાનો અનુભવ.

**એપોલો હોસ્પિટલ - મદ્રાસના ૭ વર્ષના અનુભવી તજજ્ઞ**

## ત્રિમૂર્તિ હોસ્પિટલના વિશાળ પરીવારમાં ડૉ. સુમન નાથાણી સાહેબ આપનું સ્વાગત છે, આવો... પધારો.... વેલકમ

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૪ અંક : ૬ જાન્યુઆરી- ૨૦૧૬

**મુદ્રક • માલિક • પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. એમ. ડી.સાંગાણી
ડૉ. બ્રિજેશ જસાણી

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**‘ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ’ માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂતિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com



ડૉ. ડી. પી. ચિખલીયા

## Happy New Year

## ‘‘વસુધૈવ કુટુંબકમ્’’ ની ભાવના સાથે આપણે સૌ અને સમગ્ર વિશ્વ આનંદિત રહે....

તંત્રી સ્થાનેથી....

ઇશુની ૨૦૧૬મી જન્મ જયંતિ આવી, દુનિયાએ ઉજવી. ઇશુનો અર્થ જ ઈશ્વર થાય છે. ઇશુએ દુનિયાને સુંદર સંદેશ આપ્યો છે...

કરૂણા-દયા ના આ અવતારે આપણને ‘પ્રેમ’ અને ‘હિંમત’ નો સંદેશ સાકાર કરાવ્યો છે. ‘પ્રેમ’ પરમાત્મા ઇશુનું સુત્ર છે. આવા ઇશુનો પ્રેમનો સંદેશ એકલા બેથલેહામ કે જેરૂસાલેમ પુરતો સીમિત નથી.

આપણને સૌને આ સંદેશ આપ્યો છે. ૨૦૧૬ના આ નૂતન વર્ષે ઈશુના આ સુંદર સંદેશને જરા યાદ કરી તેને આત્મસાત કરવાનો પ્રયત્ન કરીએ.

તમારા પાડોશીને પ્રેમ કરો

તમારા વિરોધીને પણ પ્રેમ કરો

હું (ઇશુ) તમને જેટલો પ્રેમ કરૂ છું,

તેટલો પ્રેમ તમે પ્રાપ્ત કરો.


આવા સુંદર વિચારો સાથે આપણે આપણું જીવન ધન્ય બનાવવાનો સંકલ્પ કરીએ

સમયના પરીવર્તન સાથે સતત નવી ટેકનોલોજીમાં આગળ વધતા રહેવું તે ત્રિમૂર્તિ હોસ્પિટલનો છેલ્લા ૩૬ વર્ષનો વણથંભ્યા વિકાસનો મંત્ર રહ્યો છે.

સતત અપગ્રેડ થતા રહેવું તેવી સીસ્ટમ સાથે અમે અમારા **ન્યુરો સર્જરી** વિભાગને અદ્યતન સાધનો અને સુવિધા સાથે સજ્જ કર્યો છે. જેના માટે વિખ્યાત એવી **એપોલો હોસ્પિટલ - મદ્રાસ** જેવી અતિ આધુનિક સગવડતા ભરી હોસ્પિટલમાં ટ્રેનિંગ અને કવોલીફાઇડ થયેલ બાહોશ તેમજ હોંશીયાર **ડૉ.સુમન નાથાણી** પોતાની સેવાઓ આ વિસ્તારને આપવાના છે. જેમને ત્રિમુર્તિ હોસ્પિટલ પરીવાર સાદર આવકારે છે.

આશા છે કે આવનારા વર્ષોમાં આ વિસ્તારમાં આધુનિક સેવા પુરી પાડવામાં તેઓશ્રીને ઈશ્વર સહાય કરે અને આગળ વધતા રહે તેવી ભાવાના સાથે નૂતન વર્ષે અમે તેમને આવકારીએ છીએ તેમજ અભિનંદિત કરીએ છીએ.

**- ડૉ. ડી. પી. ચિખલીયા**
ત્રિમુર્તિ હોસ્પિટલ, મેડીકલ ડીરેક્ટરશ્રી




# સ્ટેપલર દ્વારા પાઈલ્સની લાઈવ સર્જરી



**ડૉ. પરાગ પટેલ**

છેલ્લા ૩૬ વર્ષથી તબીબી ક્ષેત્રે સેવા આપતી જુનાગઢ જીલ્લાની એકમાત્ર મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ અવિરતપણે દર્દીદેવોની સેવામાં અદ્યતન ટેકનોલોજી અને સફળ તજજ્ઞો દ્વારા સારવાર આપવામાં મોખરે રહી છે. આવાજ એક પ્રયત્નના ભાગરૂપે તા.૨૭.૧૦.૨૦૧૫ના રોજ ત્રિમૂર્તિ હોસ્પિટલ ખાતે ડૉ. પરાગ પટેલ દ્વારા પાઇલ્સની લાઇવ સર્જરી સ્ટેપ્લર દ્વારા કરવામાં આવી હતી. અને જુનાગઢના પચાસેક જેટલા તજજ્ઞોએ સર્જરી લાઇવ ટેલીકાસ્ટ દ્વારા નિહાળી હતી. અને સર્જરી દરમ્યાન પ્રશ્નોતરી અને જવાબની આપ લે કરવામાં આવી હતી. ઓપરેશન થીયેટરમાં થતી સર્જરીનું લાઇવ પ્રસારણ કરવામાં આવ્યુ હતું અને કોન્ફરન્સ હોલમાં જુનાગઢના ખ્યાતનામ તજજ્ઞોએ નિહાળી હતી અને ડૉ. પરાગ પટેલ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું.

આ તકે હોસ્પીટલના ડીરેકટરશ્રી ડૉ. ડી. પી. ચિખલીયા સાહેબ તથા હોસ્પિટલ સ્ટાફ પરીવાર ઉપસ્થિત રહ્યો હતો. આ પ્રોજેકટ માટે ડૉ.અદિતિ દવે, ઉમેદ ગામી, આદિત્ય મહેતા તથા દાસભાઇ મિસ્ત્રીએ જહેમત ઉઠાવી હતી.

## હીંગમાં છુપાયું છે તમારા સ્વાસ્થ્યનું રહસ્ય

Asafoetida જેને આપણે હીંગ કહીએ છીએ. તેનું ભારતીય ભોજનમાં એક વિશેષ સ્થાન છે. તેની સુંગધ ખાવામાં જુદો સ્વાદ લાવે છે. તેને દાળ, શાક, સંભાર તેમજ અન્ય શાકાહારી ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ જડીબુટીની અનેક વિશેષતા પણ છે. આ તમારા હેલ્થ માટે ખુબ લાભકારી છે. તો આવો આજે આપણે હીંગના લાભ વિશે જાણીએ કે હીંગ આપણા સ્વાથ્ય માટે કેવી રીતે લાભકારી છે.

- **અપચો :** તમારા પેડમાં ગેસ નથી થવા દેતી અને ભોજન સરળતાથી પચાવી શકાય છે. તેથી ભારતીય ભોજનમાં આનો ઉપયોગ ખુબ સરળતાથી કરવામાં આવે છે. જો તમે પેટની બિમારીથી સતત ત્રસ્ત છો તો તમારા ભોજનમાં હીંગનો ઉપયોગ કરો.
- **ડાયાબીટીસ કંટ્રોલ :** હીંગના સેવનથી શરીરમાં વધુ ઈન્સુલીન બને છે. બ્લડ સુગર લેવલ ઓછું થાય છે. ડાયાબીટીસને કંટ્રોલ કરવા માટે હીંગ ખાવી જોઇએ.
- **હાઇ બ્લડ પ્રેસર કંટ્રોલ :** હીંગમાં એવા તત્ત્વ હોય છે જે લોહીને પાતળું કરવામા મદદ કરે છે અને તેને ઘટ્ટ થતા રોકે છે. આ વધેલા ટ્રોઇગ્લિસરાઇડ અને કોલેસ્ટ્રોલને ઓછું કરે છે.
- **દુઃખાવાથી બચાવે છે :** પાણીમાં હીંગ ભેળવીને પીવાથી માથાનો દુઃખાવો અને માઇગ્રેન જેવી બીમારીઓ ઓછી થાય છે.




UPSC એક્ઝામ માર્ગદર્શન સેમીનારમાં ઉપસ્થિત જૂનાગઢના બાહોશ કલેક્ટરશ્રી આલોકકુમાર પાંડે અને અન્ય મહાનુભાવો



ભાવનાબેન ચિખલીયા ફાઉન્ડેશન દ્વારા ચાલતા UPSC તાલીમ વર્ગોની એન્ટ્રેન્સ એક્ઝામ



શ્વાસ, દમ, અસ્થમાના નિદાન કેમ્પનું દિપ પ્રાગટ્ય કરતા અમેરીકામાં ત્રીસ વર્ષથી મેડીકલ પ્રકટીસ કરતા અનુભવી તજજ્ઞ ડૉ. ગોંડલીયા સાહેબ તથા તેમનો પરીવાર



શ્વાસ, દમ, અસ્થમાના દર્દીનું નિદાન કરતા ડૉ. ગોંડલીયા સાહેબ



શ્વાસ, દમ, અસ્થમાના નિઃશુલ્ક નિદાન કેમ્પમાં ઉપસ્થિત દર્દીઓ

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com

Book-Post

To, ______________________

______________________

______________________

______________________

Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.12.2015
RNI Regi.No. : GUJGUJ/2012/46125

જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ



# મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ

## ઓકઝીલરી નર્સ મીડવાઈફ (ANM)

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઈન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ
એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫
મો.૯૯૭૪૬ ૫૪૦૧૭